સામાન્ય વિસ્તાર/આદિજાતિ વિસ્તાર (આયોજન) વિભાગ-૨, ચાલુ બાબત ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરા/સોફ્ટલોન સામે વ્યાજ રાહત આપવાની યોજનાને સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાંકીય વર્ષ માટે ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

**કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ**

ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૪/ખ

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૧૭/૦૫/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારશ્રીના તા.૨૩/૬/૨૦૧૫ ના જાહેરનામાં ક્રમાંક:- ૧(૫)/૨૦૧૫/એસ.પી.૧

(૨) કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૫/ ૧૫૨૩/ખ

(૩) કૃષિ અને સહકાર વિભાગના તા. ૦૭/૫/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૫/૨૨૧૫/ખ

(૪) કૃષિ અને સહકાર વિભાગના તા. ૦૭/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૪/ખ

(૫) કૃષિ અને સહકાર વિભાગના તા. ૦૭/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૫/ખ

(૬) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૧૨/૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૩/ખ

(૭) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૧૨/૪/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૮/૧૩૦૪/ખ

(૮) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૧૮/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૩/ખ

(૯) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૬/૦૪/૨૦૨૧ ના પત્ર ક્રમાંક:- અજન/૦૧/જ/૩૫૧/૨૦૨૧

**આમુખ:-**

ભારત સરકારશ્રીના ઉપર્યુક્ત વંચાણમાં લીધા ક્રમાંક: (૧) ના તા.૨૩/૬/૨૦૧૫ ના જાહેરનામા અન્વયે સોફ્ટલોન પેકેજ અંતર્ગત રાજ્યની ખાંડ સહકારી મંડળીઓએ સંલગ્ન હેતુસરની લીધેલ બેંકલોનની રકમ પર વ્યાજ રાહત આપવા રાજ્ય સરકારશ્રીએ ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક: (૨) ના આ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૫ ના ઠરાવથી, ભારત સરકારશ્રીની સોફ્ટ લોન પેકેજ અંતર્ગત સહકારી ખાંડ કારખાનાને બેંક લોનની રકમ પર વ્યાજ રાહત આપવાની યોજના જાહેર કરેલ છે અને ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક: (૪), (૫), (૬), (૭) અને (૮) ના તા.૦૭/૦૪/૨૦૧૭, તા.૧૨/૪/૨૦૧૮, તા.૧૨/૪/૨૦૧૯ તથા તા.૧૮/૦૬/૨૦૨૦ ના ઠરાવથી આ યોજનાને ચાલુ બાબત તરીકે સને ૨૦૨૦-૨૦૨૧ ના નાણાંકીય વર્ષમાં વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

૨. ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક : (૯) ના ખાંડ નિયામકશ્રીના તા.૦૬/૦૪/૨૦૨૧ ના પત્રથી રાજ્ય સરકારશ્રીની આ યોજના હેઠળ સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સામાન્ય વિસ્તાર વિભાગ-૨ ચાલુ બાબતની યોજનામાં રૂા.૦.૦૧/- લાખની અને આદિજાતિ વિસ્તાર વિભાગ-૨ ચાલુ બાબતની યોજનામાં રૂા.૦૦.૦૧/- લાખની અંદાજપત્રીય જોગવાઇ સાથે આ યોજનાને ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપવાની કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી, પુખ્ત વિચારણાને અંતે રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરા/સોફ્ટલોન સામે વ્યાજ રાહત આપવાની આ યોજનાને, રાજ્યના સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સામાન્ય વિસ્તારની વિભાગ-૨ ચાલુ બાબત તરીકે કરવામાં આવેલ રૂા.૦૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) ની ટોકન જોગવાઈ અને આદિજાતિ વિસ્તારની વિભાગ-૨ ચાલુ બાબત તરીકે કરવામાં આવેલ રૂા.૦૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) ની ટોકન જોગવાઈ સહ આથી નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજુરી આપવા ઠરાવે છે.

**શરતો:-**

(૧) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૨) સને ૨૦૨૧-૨૨ ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે, ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ખરીદી કરવાની થતી હોય તો તે અંગે રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ ટેન્ડર પ્રોસેસીંગની જરૂર જણાય તો ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો-વખત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયેના દાવાઓ ઓડીટર મારફત પ્રમાણિત કરવાના રહેશે.

(૧૧) આ વિભાગના તા. ૧૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીએસકે/૧૦૨૦૧૫/૧૫૨૩/ખ અને તા.૦૭/૫/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સીએસકે/૧૦૨૦૧૫/૨૨૧૫/ખ તા.૦૭/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૪/ખ, ઠરાવ ક્રમાંક: સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૫/ખ તા.૦૭/૪/૨૦૧૭,તા.૧૨/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૩/ખ, તા.૧૨/૦૪/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: સીએસકે/૧૦૨૦૧૮/૧૩૦૪/ખ, તથા તા.૧૮/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:- સીએસકે/૧૦૨૦૧૯ /૧૩૮૩/ખ ની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) જે ખાંડ સહકારી મંડળીઓએ સને ૨૦૧૪-૧૫ દરમ્યાન Fair & Remunerative Price ના ઓછામાં ઓછા ૫૦ % શેરડીના પેમેન્ટ ચુકવી દીધેલ હશે તેઓને ભારત સરકારશ્રીની તા. ૨૩/૬/૨૦૧૫ ની યોજના અંતર્ગત પાત્રતા ધરાવતી ખાંડ સહકારી મંડળીઓએ બેંક લોન મેળવેલ હોય તેમને મહત્તમ ૭ % અથવા ખરેખર ચુકવેલા વ્યાજ એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમની વ્યાજરાહત ભારત સરકારશ્રીના જાહેરનામા મુજબ વ્યાજ રાહત માટે તા. ૩૦/૯/૨૦૧૬ પુર્ણ થયા બાદ એટલે કે, તા.૦૧/૧૦/૨૦૧૬ થી બે વર્ષ માટે આપવાની રહેશે.

(૧૩) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રજુ કરવાના વ્યાજ રાહત કલેઇમની દરખાસ્તો અર્ધવાર્ષિક રીતે સંબંધિત જિલ્લા રજિસ્ટ્રાર મારફત તેઓના સ્પષ્ટ અભિપ્રાય સહ આ સાથે સામેલ **"ચેકલિસ્ટ"** (અનુસૂચિ-૧) સહિત ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજુ કરવાની રહેશે. ખાંડ નિયામકે સદરહુ દરખાસ્ત કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

(૧૪) આ યોજનાનું અમલીકરણ ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાનું રહેશે.

(૧૫) સહાયની શરતોના પાલનની લેખિત બાંહેધરી ખાંડ સહકારી મંડળીએ આપવાની રહેશે.

(૧૬) સદરહુ વ્યાજ રાહતનો લાભ મેળવવા માટે મેળવેલ સોફ્ટ લોનનો ઉપયોગ સંબંધિત ખાંડ સહકારી મંડળીના ૨૦૧૭-૧૮ના કેન પેમેન્ટના હેતુ માટે જ કરવાનો રહેશે.

સદરહુ દરખાસ્તો રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવે ત્યારબાદ વખતો વખત ખાંડ નિયામકના હવાલે મુકવામાં આવનાર ગ્રાન્ટની ફાળવણી સંબંધિત જિલ્લા રજિસ્ટ્રારને કરવાની રહેશે. મંજુર થયેલ સહાયની રકમ જિલ્લા રજિસ્ટ્રાર અને ખાંડ સહકારી મંડળીના સંયુક્ત ખાતામાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા કરાવ્યા બાદ સંબંધિત ખાંડ સહકારી મંડળીના બાકી દેવા પેટે જે તે બેંકના સોફ્ટ લોન એકાઉન્ટમાં બારોબાર RTGS અથવા NEFTથી જમા આપવાની રહેશે.

(૧૯) સંબંધિત બેંક પાસેથી વ્યાજ રાહત પેટેની રકમ સંબંધિત ખાંડ સહકારી મંડળીના સોફ્ટ લોન ખાતામાં જમા થયા બાબતે જે તે બેંકની અધિકૃત રીસીપ્ટ અથવા પ્રમાણપત્ર જિલ્લા રજિસ્ટ્રારને સંબંધિત ખાંડ સહકારી મંડળીએ રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર તુર્ત જ ખાંડ નિયામકને મોકલી આપવાનું રહેશે.

(૨૦) ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ગત વર્ષનો વ્યાજ ક્લેઇમ પણ વ્યાજ રાહત તરીકે ચૂકવવાનો થતો હોય, ચાલુ નાણાકીય વર્ષમાં બે વખત વ્યાજ રાહત માટેનો ક્લેઇમ રજુ કરવાનો રહેશે. પ્રથમ ક્લેઇમ 30 મી જુન સુધીમાં (જેમાં ૩૧ મી માર્ચ સુધીના ઉધાર વ્યાજની રકમ) અને બીજો ક્લેઇમ જાન્યુઆરી માસમાં (જેમાં ૩૧ મી ડિસેમ્બર સુધીના ઉધાર વ્યાજની રકમ) રજુ કરવાની દરખાસ્ત તથા બીડાણો સાથે અગાઉની, રાજ્ય સરકાર દ્વારા મળેલ વ્યાજ રાહતની રકમ સોફ્ટલોન એકાઉન્ટમાં જમા થયેલ છે, તેનું બેંકનું અધિકૃત પ્રમાણપત્ર સોફ્ટલોન એકાઉન્ટ નંબર સાથે રજૂ કરવાનું રહેશે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષના વ્યાજ રાહતના જાન્યુઆરી ૨૦૧૯ થી માર્ચ ૨૦૧૯ સુધીનો ક્લેઇમ આગામી વર્ષની વહીવટી મંજુરીના હુકમની શરતો મુજબ રજૂ કરવાનો રહેશે.

(૨૧) આ મંજૂરી અંગે મેળવેલ સોફ્ટલોનનો ખર્ચ/વપરાશ નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતો ધ્યાને લઈ કરવાનો રહેશે. યોજનાના ઢાંચા મુજબ અમલીકરણ સંદર્ભે પારદર્શિતા તેમજ કોઈ અનિયમિતતા ન સર્જાય તેની તકેદારી મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીએ રાખવાની રહેશે.

(૨૨) આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૨૩) આ યોજના અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૪) વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨૫) ઉક્ત વિવિધ યોજના પૈકી કોઈ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય અન્ય યોજના માટે પણ તે જ સંસ્થા/એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો તે નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલવવાના રહેશે.

(૨૬) નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯, તા.૦૫/૧૧/૨૦૧૮, તા.૨૯/૧૦/૨૦૧૬, તા.૦૧/૦૯/૨૦૧૪ ના વિવિધ પરીપત્રો તેમજ વખતોવખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણેપાલન કરવાનું રહેશે.

(૨૭) નોડલ એજન્સી નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૨૮) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

3. આ અંગેનો ખર્ચ રાજ્યના સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં નીચે દર્શાવેલ અંદાજપત્રીય સદર હેઠળની જોગવાઈમાંથી મેળવી તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

**સામાન્ય વિસ્તાર:-**

**માંગણી નંબર : ૫**

**સેક્ટર : ગ આર્થિક સેવાઓ**

પેટા સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ
મુખ્ય સદર : ૨૪૨૫ : સહકાર
પેટા મુખ્ય સદર: ૦૦
ગૌણ સદર : ૧૦૮– અન્ય સહકારી મંડળીઓને સહાય
પેટા સદર : ૩૫ સીઓપી ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરા/સોફ્ટલોન સામે વ્યાજરાહત
વિગતવાર સદર : ૦૦
હેતુ સદર : ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને
હેડ ચાર્જેબલ :૨૪૨૫ ૦૦ ૧૦૮ ૩૫
૭ ડીઝીટ પ્લાન કોડ : ૧૬૦૯૪૨

**આદિજાતિ વિસ્તાર:**

માંગણી નંબર : ૯૬
સેક્ટર : ગ આર્થિક સેવાઓ
પેટા સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ
મુખ્ય સદર : ૨૪૨૫ : સહકાર
પેટા મુખ્ય સદર: ૦૦
ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર: ૪૩ સીઓપી. આદિજાતિ વિસ્તારની ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજરાહત
વિગતવાર સદર : ૦૦
હેતુ સદર : ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને
હેડ ચાર્જેબલ: ૨૪૨૫ ૦૦ ૭૯૬ ૪૩
૭ ડીઝીટ પ્લાન કોડ : ૧૨૦૯૪૨

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તારીખ:૧૬/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.આર.પારેખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૪. જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, (નગર) સુરત/જુનાગઢ
૫. નાણાકીય સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. આદિજાતિ વિકાસ વિભાગ(બજેટ શાખા),સચિવાલય, ગાંધીનગર
૭. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૮. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, આદિજાતિ વિકાસ નિગમ લિ. સેક્ટર-૨૦, ગાંધીનગર
૯. [illegible]